# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-10-2025** **Evening : 7.10 to 7.20 PM**
**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) કાયદા મંત્રાલયે ગુજરાતને નોટરીઓની સંખ્યા 2 હજાર 900થી વધારીને 6 હજાર કરવા મંજૂરી આપી
2) આજે કાળી ચૌદ શે રાજ્યના વિવિધ મંદિરોમાં વિશેષ પૂજન અને હવનનું આયોજન - ગાંધીનગરના ડભોડામાં હનુમાનજીની મહાઆરતી કરવામાં આવી
3) રાજ્યના બજારોમાં દિવાળીનો માહોલ જામ્યો - ફટાકડા , કપડાં , રંગોળીની ખરીદી માટે મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા
4) આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી
5) ICC મહિલા ક્રિકેટ વિશ્વકપમાં આજે ઇંગ્લેન્ડે ભારતને જીતવા 289 રનનો લક્ષ્યાંક આપ્યો.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GUJARAT NOTARIES

કાયદા મંત્રાલયે ગુજરાતને નોટરીઓની સંખ્યા 2 હજાર 900થી વધારીને 6 હજાર કરવા મંજૂરી આપી છે. આ ઉપરાંત રાજસ્થાન , તમિલનાડુ અને નાગાલેન્ડમાં પણ નોટરીની સંખ્યામાં વધારાને મંજૂરી આપવામાં આવી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે વસતિ વધારો, જિલ્લાઓ/તાલુકાઓની સંખ્યા અને નોટરી સેવાઓ માટેની અનુરૂપ માગને ધ્યાને રાખીને સંબંધિત રાજ્ય સરકારો તરફથી મળેલી રજૂઆતોને પગલે આ નિર્ણય લેવાયો છે.

અગાઉ, કાયદા અને ન્યાય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે 31 જુલાઈ સુધી, સરકારે નવા નોટરી પોર્ટલનો ઉપયોગ કરીને વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નવનિયુક્ત નોટરીઓને 34 હજાર 900 ડિજિટલી સહીવાળા પ્રેક્ટિસ પ્રમાણપત્રો આપ્યા છે.

. . . . . . . . . .

# KALI CHAUDAS

આજે કાળી ચૌદસે રાજ્યના વિવિધ મંદિરોમાં વિશેષ પૂજન અને હવન કરવામાં આવી રહ્યા છે. આજે મહકાળી મા , ભૈરવનાથ, હનુમાનજી, ઘંટાકર્ણ મહાવીર તેમજ સમસ્ત રક્ષક દેવોની ઉપાસના કરવાનો દિવસ છે.

ભાવનગરના પાલીતાણાના સુપ્રસિદ્ધ કાલભૈરવ પીઠ , ભૈરવનાથ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ કાળીચૌદશ નિમિત્તે દિવ્ય મહાયજ્ઞનું આયોજન કરાયું. રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજી બાવળીયાએ યજ્ઞમાં આહૂતિ આપી હતી. આ વર્ષે યજ્ઞની મુખ્ય થીમ 'યજ્ઞ સિંદૂર' રાખવામાં આવી છે.

ગાંધીનગર નજીક આવેલા મહુડી જૈન મંદિર ખાતે આજે વિશેષ હવન-જાપનું આયોજન કરાયું છે. જ્યારે ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામમાં આવેલા સ્વયંભૂ ડભોડીયા હનુમાનજી મંદિરે વિશેષ 108 દિવડાની મહાઆરતી કરવામાં આવી.

ધનતેરસની મધ્યરાત્રિએ 12 વાગ્યે યોજાયેલી આ આરતીમાં હજારો ભક્તો ઉમટ્યા હતા. આવનારું વર્ષ દરેક રીતે સુખમય બની રહે તે માટે દાદાના આશીર્વાદ તમામ લોકો ઉપર બન્યા રહે તેમ મંદિરના પૂજારી રમેશભાઈએ જણાવ્યું હતું.

(બાઇટ : રમેશભાઈ - પૂજારી)

. . . . . .

# DIWALI -- SHOPPING

રાજયભરમાં દિવાળીની અંતિમ ખરીદીનો માહોલ ધીરે ધીરે જામ્યો છે. શહેરોમાં છેલ્લી ઘડીએ ખરીદીનો દોર જામતા લોકોની ભારે ભીડ ઉમટી છે. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર સહિત દરેક જગ્યાએ ખરીદીને કારણે બજારો વ્યસ્ત લાગી રહ્યા છે.

ફટાકડાની સાથે કપડાં , વાસણ, આભૂષણ અને ઘર વખરીની ખરીદી પણ અગાઉ કરતાં સારી જોવા મળી રહી છે. તો મીઠાઇ બજારોમાં પણ ભારે ભીડ જોવા મળી રહી છે. રંગોળીના રંગ તેમજ રંગબેરંગી દિવડાઓથી બજાર પણ આકર્ષક લાગે છે.

. . . . . . .

# SOMNATH -LIGHT SHOW

શ્રી સોમનાથ મહાદેવના દર્શને આવતા દેશવિદેશના યાત્રીઓ માટે 3D લાઈટ એન્ડ સાઉન્ડ શો ચોમાસાના વિરામ બાદ આજથી ફરીથી શરૂ કરવામાં આવી રહ્યો છે. શો નો સમય આરતી બાદ સાંજે 7 વાગીને 45 મિનિટનો રહેશે.

શનિવાર તથા રવિવાર તહેવારોના દિવસોમાં યાત્રી પ્રવાહને ધ્યાને લઇ બે શો યોજવામાં આવશે. ટિકિટ મંદિર પરિસરના બહાર ડિજિટલ કેશલેસ કાઉન્ટર પર સાંજે 6 વાગ્યાથી તેમજ મંદિર પરિસરમાં સાહિત્ય કાઉન્ટર નજીક અલાયદા ટિકિટ કાઉન્ટર પરથી સાંજે સાડા 6 વાગ્યાથી મળશે.

. . . . . . . .

# PALDI JAIN TEMPLE

અમદાવાદના પાલડી જૈન મંદિરમાં થયેલી ચોરી મામલે ગુના શાખા ચાર લોકોની ધરપકડ કરી છે. ચોરી થયેલી વસ્તુઓમાં ભગવાનનો મુગટ , અંગુઠી અને કાનની બુટ્ટીનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન સ્થાનિક પોલીસે એક મહિલાની પણ ધરપકડ કરી હતી જોકે ત્યારબાદ કેસ ગુના શાખાને સોંપવામાં આવ્યો હતો. 72 લાખ 87 હજારની ચાંદી , રોકડ, મોબાઈલ અને એક વાહન જપ્ત કરાયું છે તેમ અમદાવાદ ગુના શાખાના પોલીસ નિરીક્ષક મહેન્દ્ર સાળુંકેએ જણાવ્યું હતું.

(બાઇટ : મહેન્દ્ર સાળુંકે – PI)

. . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.........

# BHARUCH ACCIDENT

ભરૂચ રેલવે મથક ખાતે બે લોકો ટ્રેનની અડફેટે આવતા એકનું મોત નીપજ્યું છે જ્યારે એક હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. રેલવે પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

. . . .

# VADODARA - ACCIDENT

સુરતથી દિવાળી પર્વની ઉજવણી કરવા પોતાના વતન ઘોઘંબા જઈ રહેલા 19 વર્ષીય યુવકનું વડોદરા નજીક નેશનલ હાઇવે પર બનેલી માર્ગ અકસ્માતની ઘટનામાં મોત નીપજયું છે. મળતી માહિતી મુજબ , યુવક પોતાના મિત્ર સાથે બાઇક પર ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન દરજીપુરા વાયુસેના મથક નજીક ટ્રક સાથે અકસ્માત થયો હતો.

. . . . . . . . . .

# GST BACHAT UTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને 22મી સપ્ટેમ્બરથી શરૂ કરાયેલ GST બચત ઉત્સવ, સમાજના તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. ઇલેક્ટ્રોનિક ઉત્પાદનોમાં GSTમાં ઘટાડો થતાં લોકો સરકારનો આભાર માની રહ્યા છે. આ અંગે જામનગરના એક ગ્રાહકે પ્રતિક્રિયા આપી.

(બાઇટ : હિના – ગ્રાહક)

. . . . . . . . . . . . . .

# CHHOTAUDEPUR SWADESHI

હર ઘર સ્વદેશી અભિયાનના કારણે છોટાઉદેપુર જિલ્લાના અંબાલા ગામના 50 જેટલા હસ્તકળાના પરિવારોને ફરી રોજગારી મળી રહી છે. ગામના હસ્તકલાના કારીગરો માટીના વાસણો બનાવી તેનું વેચાણ કરી આજીવિકા મેળવતા હતા, પરંતુ સમય જતાં માટીના વાસણોનું સ્થાન એલ્યુમિનિયન અને સ્ટીલના વાસણોએ લઈ લેતા હસ્ત કલાના કારીગરો બેરોજગાર બન્યા હતા. જોકે હર ઘર સ્વદેશી અભિયાનને પગલે હવે ફરી એકવાર આજીવિકા મેળવતા થતાં થયા છે. આ અંગે એક કારીગરે પ્રતિક્રિયા આપી.

(બાઈટ : રડતિયા ધાણુંક - હસ્તકલાના કારીગર)

. . . . . . . . . .

# WEATHER

આગામી ચાર દિવસ દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે સુરત તાપી નવસારી વલસાડ અને ડાંગ જિલ્લામાં આજે વરસાદની શક્યતા છે જ્યારે આવતીકાલે નવસારી, ડાંગ અને વલસાડમાં વરસાદ પડી શકે છે. આગામી ચાર દિવસ ભારે વરસાદની કોઈ ચેતવણી જાહેર કરવામાં આવી નથી.

. . . . . . . .

# WOMEN'S CRICKET

મહિલા ક્રિકેટ વિશ્વકપમાં આજે ઈન્દોરમાં ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મેચ રમાઈ રહી છે. ઈંગ્લેન્ડની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટીંગ કરતાં નિર્ધારીત 50 ઓવરમાં 8 વિકેટ 288 રન બનાવ્યાં.

હેથર નાઈટે શાનદાર બેટીંગ કરતાં 91 બોલમાં 109 રન બનાવ્યાં હતાં. જ્યારે ભારત તરફથી દિપ્તી શર્માએ 4 વિકેટ ઝડપી હતી.

ઈંગ્લેન્ડે ભારતને જીતવા માટે 289 રનનો લક્ષ્યાંક આપ્યો છે.

છેલ્લા મળતાં સમાચાર મુજબ ભારતે 9 ઓવરમાં 1 વિકેટ 34 રન બનાવ્યાં છે.

. . . . . .

# AKASH DARSHAN

આકાશ દર્શનના રસિકો માટે એક અદ્ભુત અવસર આવી રહ્યો છે. આજે કાળી ચૌદશની રાતે ઓરિઓનિડ એટલે કે મૃગ ઉલ્કા વર્ષા થશે. હેલીના ધૂમકેતુની પૂંછડીની રજ આ મહિને પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશીને સવારના આકાશને ઝળહળતું કરશે. આ પ્રખ્યાત ઓરિઓનિડ ઉલ્કાવર્ષા 21 ઓક્ટોબરની રાત્રિએ તેની ચરમસીમાએ પહોંચશે.

એક ખગોળ નિષ્ણાંત નરેન્દ્ર ગોર 'સાગર'એ જણાવ્યું હતું કે , આ વખતે કાળી ચૌદસની રાત હોઇ ચંદ્રની ગેરહાજરીને કારણે આકાશ દર્શન તેમજ ઉલ્કા દર્શન માટે આ સારી રાત છે. જે ઉલ્કાવર્ષા ઇતિહાસના સૌથી પ્રખ્યાત ધૂમકેતુ હેલી સાથે જોડાયેલી છે.

આ ધૂમકેતુ દર 76 વર્ષે સૂર્યની નજીકથી પસાર થાય છે , ત્યારે સૌર ગરમી તેના કેન્દ્રમાં રહેલી ધૂળથી બરફનું બાષ્પીભવન કરે છે. અને તેની ભ્રમણ કક્ષામાં અવશેષોનો એક લાંબો પટ્ટો છોડી જાય છે. પૃથ્વી ઓક્ટોબરમાં ધૂમકેતુના આ પ્રવાહને પાર કરે છે ત્યારે ઓરિઓનિડ ઉલ્કા વર્ષનું સર્જન થાય છે.

. . . . . . . . . . . . .

# MORBI -NQAS

મોરબી જિલ્લામાં ટંકારા તાલુકાના નેકનામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના છતર આયુષ્માન આરોગ્ય મંદિરને નિયત ૧૨ ગુણવત્તાસભર સેવાઓ માટે ૮૯.૩૪ ટકા અને હળવદ તાલુકાના જુના દેવળિયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળના નવા દેવળિયા આયુષ્માન આરોગ્ય મંદિરને નિયત ૧૨ ગુણવત્તાસભર સેવાઓ માટે ૮૬.૧૧ ટકા સાથે રાષ્ટ્રીય કક્ષાનું NQAS (National Quality Assurance Standards) પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. આ સિદ્ધી જિલ્લાની આરોગ્ય સેવાઓની ગુણવતા અને કાર્યક્ષમતાના ઉન્નત સ્તરને પ્રદર્શીત કરે છે.

. . . . . . . .

.